# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------

**(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.**

# CABINET BETHAK

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઇ. આ બેઠકમાં રાજ્યમાં પીવાના પાણી, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પીવાના પાણી, રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો અંગે સમીક્ષા કરાઇ હતી. આ ઉપરાંત રાજ્યમાં નવા જંત્રી દર અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ હતી.

. . . . . . . . . . . .

# RAHUL GANDHI GUJARAT

લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ અરવલ્લીના મોડાસા ખાતેથી સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવ્યો. અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે, અભિયાનનો પ્રારંભ કરાવતા પહેલાં શ્રી ગાંધીએ મોડાસા અતિથિ ગૃહ ખાતે વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક યોજી હતી. તેમણે મોડાસા બાયપાસ માર્ગ પર આવેલા B.A.P.S. સ્વામિનારાયણ મંદિર સભાખંડ ખાતે જિલ્લાના એક હજાર 200 બૂથ કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . .

# HARSH SANGHAVI GAU RAKSHA

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, રાજ્યમાં ચાલતા કતલખાના બંધ કરાવવામાં પોલીસને સફળતા મળી છે. શ્રી સંઘવીએ જણાવ્યું, ગૌ હત્યારાઓને કડક સજા આપવામાં આવે છે.

(બાઇટ: હર્ષ સંઘવી)

. . . . . . . . . . . .

# RAJKOT ACCIDENT

રાજકોટમાં ઇન્દિરા સર્કલ પાસે સિટી બસના ચાલકે અનેક વાહનોને અડફેટે લેતા ચાર લોકોના મોત થયા છે. અમારા રાજકોટના પ્રતિનિધિ જણાવે છે કે 150 ફૂટ રીંગ રોડ પર પસાર થઈ રહેલી સિટી બસના ચાલકે એક પછી એક વાહન ચાલકોને ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટના અંગે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

( બાઇટ: વિજય રૂપાણી, પૂર્વ મુખ્યમંત્રી )

આ ઘટનાના મૃતકોના પરિવારજનોને રાજકોટ મહાનગરપાલિકાએ 15-15 લાખ રૂપિયાની સહાય તેમજ ઈજાગ્રસ્તોને બે-બે લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે.

. . . . . . . . . . . .

# GANDHINAGAR TRAFIK AWARENESS

ગાંધીનગરમાં અકસ્માત ઘટાડવા રાજ્યની સો પ્રથમ ટ્રાફિક અવેરનેસ ઝુંબેશ શરૂ કરાઇ. શહેરના ઘ-5 સર્કલ પર વિદ્યાર્થીઓને સાથે રાખી શરૂ કરાયેલી આ ઝુંબેશમાં ટ્રાફિકના મદદનીશ સબ ઇન્સ્પેકટર ધર્મેન્દ્રસિંહ અકસ્માત અને ટ્રાફિક જાગૃતતા અંગે માર્ગદર્શન આપ્યું. જ્યારે વિદ્યાર્થીઓએ પણ ઝડપે આવતા વાહનો રોકી ટ્રાફિક નિયમ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. શહેરમાં આજથી એક સપ્તાહ સુધી ટ્રાફિક પોઇન્ટ ઉપર સંચાલન કરાશે.

. . . . . . . . . . . .

# SURENDRANAGAR BUS STATION

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે 2 કરોડ 21 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા નવીન એસ.ટી.બસ સ્ટેશનનું લોકાર્પણ કરાયું. સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે આ બસ સ્ટેન્ડમાં મુસાફરો માટે બેઠક વ્યવસ્થા, તથા સ્લોપીંગ રેમ્પ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સમારોહમાં  સાંસદ ચંદુ શિહોરા, ચોટીલાના ધારાસભ્ય શામજી ચૌહાણ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# MAHISAGAR BUS STATION

મહીસાગર જિલ્લાના વિરપુરમાં નવીન બસ સ્ટેશનનું લોકાર્પણ કરાયું. 5 હજાર 600 ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ પામેલા આ બસ સ્ટેશનમાં મુસાફરોને અત્યાધુનિક સગવડતા તથા સુવિધાઓ મળશે તેમ સાંસદ રાજપાલસિંહ જાદવે જણાવ્યું હતું.

(બાઈટ : રાજપાલસિંહ જાદવ (સાંસદ)

-----

# MEHSANA KADI MARKET

મહેસાણા જિલ્લાના કડી માર્કેટ યાર્ડમાં એરંડાની 15 હજાર બોરીની આવક થતાં હરાજી બંધ રખાઇ હતી. એરંડાનો ભાવ એક હાજર 180 થી એક હાજર 241 રૂપિયાનો રહ્યો હતો. જ્યારે એક સપ્તાહમાં ઘઉંની 40 હજાર બોરીની આવક નોંધાઇ હતી. જેનો ભાવ 470 થી 637 રૂપિયા સુધી રહ્યો હતો.

. . . . . . . . . . . .

# Mahesana Miyavaki  forest

મહેસાણા કલેકટર કચેરી ખાતે મહાનગરપાલિકાના વિકાસ કામોની બેઠક મળી હતી. જેમાં જિલ્લા કલેકટર. ઓએનજીસી બેન્કડેરી. અને એપીએમસીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણા મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ 9 તળાવ અને 5 મિયાવાકી ફોરેસ્ટનો વિકાસ કરવાનું આયોજન કરાયું છે. કેચ ધ રેઇન

અંતર્ગત તળાવો ઊંડા કરવા તળાવની ફરતે વોક વે બનાવવો વૃક્ષારોપણ.લાઈટીંગ સહિત જનસુખકારી માટેની સુવિધાઓ અંગે ચર્ચાઓ કરાઈ.

. . . . . . . . . . . .

# Mahesana -Disha bethak

મહેસાણા લોકસભાના સાંસદ હરિ પટેલની અધ્યક્ષતામાં ડિસ્ટ્રીક ડેવલોપમેન્ટ કો. ઓડીનેશન એન્ડ મોનિટેરીગ કમિટી એટલે દિશાની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી.

જેમાં પાટણના સાંસદ ભરતસિંહ ડાભી પણ ઉપસ્થિત રહ્યા હતા. સરકારની 26 વિભાગોની વિવિધ 67 જેટલી યોજનાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના. સ્વચ્છતા હી સેવા. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના. રાષ્ટ્રીય પશુ ટોગ નિયત્રરણ. બેટી બચાવો બેટી પઢાવો સહિતની કલ્યાણકારી યોજનાઓની કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

. . . . . . . . . . . .